



## અરવલ્લી જિલ્લાનાં મેઘરજમાં ધોધમાર વરસાદ સહિત જિલ્લામાં સાર્વત્રિક વરસાદ

ગુજરાતમાં સાયક્લોનિક સિસ્ટમ સક્રિય થઈ હોવાથી રાજ્યમાં વરસાદની હવામાન વિભાગે આગાહી કરી હતી ત્યારે અરવલ્લી જીલ્લામાં સાર્વત્રિક મેઘમહેર થતા જીલ્લામાં ખેડૂતોમાં આનંદ છવાયો હતો. મેઘરજ પંથકમાં ૨ કલાકમાં અઢી ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. મોડાસા, બાયડ,ધનસુરા, ભિલોડા, માલપુર અને શામળાજી પંથકમાં ધીમીધારે મેઘમહેરથી ખેતી માટે કાચું સોનુ વરસતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. મેઘ સવારીથી જીલ્લાના વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ સુનસર ગામ પાસે ડુંગરોમાંથી ઝરણાઓનો ધોધ પુનઃ વહેતો થઈ ગયો છે ત્યારે સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે. સુનસર પાસેનો ધોધ જોવા પર્યાવરણ પ્રેમીઓ દુર-દુરથી આવે છે.

# પાલનપુરમાં ગાયની ઝપેટે ચડેલા યુવકનું લીવર ફાટી ગયું

### શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા યુવકની હાલત નાજુક : રખડતાં ઢોર અને તેમના માલિક સામે તંત્ર દ્વારા પગલાં ન ભરાતા ફિટકાર

પાલનપુરના ઢુંઢીયાવાડી વિસ્તારમાં ગાયના હૂમલાનો ભોગ બનેલા યુવકને આંતરિક ગંભીર ઈજાઓ થવા પામી છે. જેનું લીવર ફાટી ગયું છે. તેમજ જમણી કિડની અને લીવર વચ્ચેની કેપ્સુલ પણ ફાટી જતાં યુવકની હાલત નાજુક થવા પામી છે. જે અત્યારે પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર ઉપર છે. ત્યારે તેની આ સ્થિતિ માટે જવાબદાર રખડતા પશુઓ તેમજ તેમના માલિક સામે તંત્રના અધિકારીઓના પેટનું પાણી પણ ન હાલતાં શહેરીજનો તેમના ઉપર ફિટકાર વરસાવી રહ્યા છે.

પાલનપુર ઢુંઢીયાવાડી વિસ્તારમાં મુળ લાખણી ગામના અને વર્તમાન સમયે પાલનપુરમાં રહી હિરા ઘસવાનું કામ કરતાં અમૃતભાઈ વશરામભાઈ ગોહિલ ગાયને રોટલી ખવડાવવા ગયા હતા. તે દરમિયાન આ રખડતી ગાયે તેમના ઉપર હિચકારો હૂમલો કરી દીધો હતો. અને પાંચ મિનીટ સુધી શિંગડે ચઢાવી રગદોળ્યા હતા. જ્યાં આજુબાજુના લોકો દોડી આવીને તેમને ગાયની ચૂંગાલમાંથી છોડાવી સારવાર અર્થે ખસેડ્યા હતા. આ અંગે ખાનગી હોસ્પિટલના તબીબ મિહીરભાઈ પંડ્યાએ જણાવ્યું હતુ કે, ગાયના હૂમલામાં અમૃતભાઈના શરીરમાં આંતરિક ગંભીર ઈજાઓ થવા પામી છે. જેનું લીવર ફાટી ગયું છે. તેમજ જમણી કિડની અને લીવર વચ્ચેની કેપ્સુલ પણ ફાટી જતાં યુવકની હાલત નાજુક થવા પામી છે. જેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

### ગરીબ યુવકની આ સ્થિતિ માટે જવાબદાર કોણ ?

અમૃતભાઈ ગરીબ પરિવારમાંથી આવે છે. ગાયને રોટલી ખવડાવી પુણ્ય કમાવવાની ભાવનાથી ગયા હતા. જોકે, ભુરાઈ થયેલી ગાયે તેમને શિંગડે ચડાવતાં તેઓ નાજુક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. ત્યારે તેમની આ સ્થિતિ માટે રખડતી ગાયો અને તેમના માલીકો જવાબદાર છે કે પછી આ ગંભીર ઘટના બન્યા પછી પણ જેમના પેટનું પાણી પણ હલ્યુ નથી તેવા નગરપાલિકા અને વહિવટીતંત્રના અધિકારીઓ ? ગમે તે હોય રખડતાં પશુઓને પાંજરે પુરવાની કાર્યવાહી સત્વરે હાથ ધરવામાં આવે તેવી શહેરીજનોની માંગ ઉઠવા પામી છે.

# ભિલોડા તાલુકામાં ઝરઝર-ઝરઝર વરસાદ

### ઠેર-ઠેર હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા

ભિલોડા,તા.૨૯ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ઝરમર-ઝરમર વરસાદ



વરસ્યો હતો.આજ દિન સુધીનો ૨૭ ઈંચથી વધુ વરસાદ વરસતાં ખેડુતોમાં અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરી છે. હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં અને નીચાણવાળા વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાયા છે. કાદવ, કિચડ અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. માખી, મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળો ફેલાય તેવી ભિતી સેવાઈ રહી છે. સીમ વિસ્તારોમાં ખેતરોમાં લહેરાતા લીલાછમ ખેતીના પાકો જેવા કે કપાસ, મગફળી, મકાઈ, તુવેર, અળદ, સોયાબીન સહિત વિવિધ પાકોને જીવતદાન મળતાં ખેડુતોમાં ખુશી જોવા મળતી હતી. સાર્વત્રીક મેઘમહેર મેઘરાજાએ કરતાં ખેડુતો હરખાયા છે. અસહ્ય બાફ, ઉકળાટ અને બફારાનું પ્રમાણ વધતાં પ્રજાજનો ત્રાહિમામ હતા પરંતુ સાર્વત્રીક મેઘમહેરના કારણે વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરતાં પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.વરસાદી માહોલ યથાવત રહ્યો છે ત્યારે ખેડુતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન નદી, નાળા, વાંઘા, કોતરો, ચેકડેમોમાં અને માર્ગો ઉપર ઠેર-ઠેર વરસાદી પાણી વહેતા થઈ ગયા હતા.

# ધાનેરામાં ગાયત્રી મંદિર ખાતે ભારત રત્ન અટલ બિહારી બાજપાઈની શોકસભા યોજાઈ

ધાનેરામાં ગાયત્રી મંદિર ખાતે ભારત રત્ન અટલ બિહારી વાઈપાઈની શોક સભા યોજાઈ મળી રહી છે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ ગાયત્રી મંદિર ખાતે ભારત રત્ન અટલ



હિત્ય જેમાં ધાનેરા નગરના મોટી સંખ્યા માં લોકો જોડાયા હતા અને વાજપાઈને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારત રત્ન અને પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાઈપાઈનું ૯૩ વર્ષની વયે નિધન થતા સમગ્ર ભારતમાં શોકની લાગણી જોવા બિહારી વાઈપાઈની શોક સભા યોજાઈ હિતી. ધાનેરા નગરના મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. વાજપાઈને શ્રદ્ધાંજલિ આપી હતી. ધાનેરાની મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા તેમજ ભાજપના આગેવાનો પણ હાજર રહ્યા હતા.

# તલોદના ખેરોલ ગામે હાર્દિક પટેલના સમર્થનમાં ૧૦૦ યુવાનોના પ્રતીક ઉપવાસ

તલોદ, તા. ૨૯ પાટીદાર અનામત આંદોલન સંદર્ભે આમરણાંત ઉપવાસ ઉપર બેઠેલા હાર્દિક પટેલના ઉપવાસના આજના પાંચમા દિવસે સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ખેરોલ ગામના ૧૦૦ જેટલા પાટીદારોએ એક દિવસ માટેના પ્રતિક ઉપવાસ કરી હાર્દિક પટેલને સમર્થન પુરૂ પાડ્યું હતું. જેમાં મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી. જેઓએ ભજન-કિર્તન કરીને ભગવાન સરકારને સદબુદ્ધિ આપે તેવી પ્રાર્થના કરી હતી.



હાર્દિક પટેલના ઉપવાસના દિવસો જેમ-જેમ પસાર થતા જાય છે તેમ-તેમ ગામડે-ગામડે પાટીદાર યુવાનો અને પરિવારોનું સમર્થન વધુ મળતું જતું હોય તેમ ભાસી રહ્યું છે. આમ કરીને પાટીદાર પરિવારો મોટી સંખ્યામાં હાર્દિકને ખુલ્લું સમર્થન હોવાનું પ્રદર્શિત કરીને આક્રોશની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. ખેરોલ ગામના અને હાર્દિકના સમર્થનમાં રહેલા સમગ્ર તાલુકાના પાટીદાર પરિવારોએ પોલીસ, રાજ્ય સરકારની દમનકારી નીતિનો વિરોધ દર્શાવીને સરકાર જો પાટીદાર અનામત આંદોલનની મૂળભૂત માંગણીઓને નહીં સ્વીકારે તો આગામી ભવિષ્યમાં અસરકારક આંદોલનો વધુ ઉગ્રપણે થશે તેવી દહેશત વ્યક્ત કરી હતી.

# ઈડર તાલુકાના બોલુન્દ્રા (રૂવચ) ગામનું ગૌરવ

ભિલોડા,તા.૨૯

સાબરકાંઠા જીલ્લાના પેન્શનર મંડળ પ્રમુખ, જીલ્લા શાળા સંચાલક મંડળ અધ્યક્ષ ચતુરસિંહ ચૌહાણના પૌત્ર રાજવર્ધનસિંહ જયેન્દ્રસિંહ ચૌહાણએ જ્ઞાન મંજરી વિદ્યાલય, ભાવનગરથી ધોરણ.૧૨ સાયન્સ નીટ પરીક્ષામાં ૪૨૭ ગુણ મેળવી પ્રથમ વર્ષ એમ. બી. બી. એસ.માં એલ.જી.મેડીકલ કોલેજ, અમદાવાદમાં પ્રવેશ મેળવેલ છે. હર્ષવર્ધનસિંહ ચૌહાણ એમ.બી. બી.એસ.ની ડિગ્રી પ્રથમ વર્ષમાં પાસ કરી,પી.જી. નીટ પરીક્ષા પાસ કરી એમ.ડી.માં સ્મીમેર કોલેજ,સુરતમાં પ્રવેશ મેળવેલ છે. ધોરણ.૧૦, ધોરણ.૧૨ બોર્ડની પરીક્ષામાં જ્વલંત સિધ્ધી હાંસલ કરી તેજસ્વી તારલા તરીકે ચમક્યો હતો. શિક્ષીત માતા-પિતાના સંતાનોએ મેડીકલ ફિલ્ડમાં ઝળહળતી કારકીર્દી બનાવી બોલુન્દ્રા (રૂવચ) ગામ, રાજપુત સમાજનું ગૌરવ વધારવા બદલ સમાજના અગ્રણીઓ,ઈડર આરાધના પરીવારએ બિરદાવ્યા હતા.





## બાયડમાં હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસના સમર્થનમાં એક દિવસના પ્રતીક ઉપવાસ

ગુજરાતમાં પાટીદાર અનામત અને ખેડૂતોના દેવા માફી હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને સમગ્ર દેશમાંથી વિવિધ રાજકીય પક્ષો સહીત પાટીદાર સમાજ સહીત ખેડૂતો અને વિવિધ સમાજના લોકો દ્વારા સમર્થન મળી રહ્યું છે. ત્યારે પાંચમા દિવસમાં પ્રવેશેલા હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસના સમર્થનમાં બુધવારે અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના અરજણવાવ ગામે એક દિવસના પ્રતીક ઉપવાસમાં મોટી સંખ્યામાં પાટીદારો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને ઉપવાસ સાથે રામધૂન બોલાવી હતી અને રાજ્ય સરકાર સામે આક્રોશ ઠાલવ્યો હતો.

# ખેડબ્રહ્મામાં અટલ બિહારી બાજપાઈને શ્રદ્ધાંજલિ અપાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૯ ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈના નિધન




અંતર્ગત ખેડબ્રહ્મા માર્કેટયાર્ડના સભાખંડમાં પ્રાર્થના સભાનું આયોજન બુધવાર સાજે કરવામાં આવ્યું હતું.

આ પ્રાથના સભામાં પૂર્વ ધારાસભ્ય રમિલાબેન બારા, એપીએમસી ચેરમેન જશુભાઈ પટેલ, સા.કો. બેંક ડિરેક્ટર શામળદાસ પટેલ, નગરપાલિકા પ્રમુખ ઝલકબેન પટેલ, શહેરભાજપ પ્રમુખ બ્રિજેશ પટેલ તથા વેપારીઓ સહિત શહેરીજનોએ અટલજીના સ્મરણો યાદ કરી પુષ્પાંજલિ અર્પી હતી.

# પ્રાંતિજમાં મેઘરાજાની પધરામણી

### બપોર બાદ ધીમી ધારે શરૂ થયેલ વરસાદથી ખેડૂતો સહિત લોકોમા આનંદ : બે કલાકમાં એક ઇંચ વરસાદ ખાબક્યો : રેવતી નક્શત્રરમાં પડેલ વરસાદ ખેતી માટે શુભ

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મેઘરાજાની પધરામણી થઈ હતી. ધીમીધારે શરૂ થયેલ વરસાદ બપોર બાદ પીકપ પકડી હતી.

અસહ્ય ગરમી ઉકળાટ પછી બપોર બાદ ધીમીધારે શરૂ થયેલ વરસાદે ત્રણ વાગ્યા પછી પીકપ પકડી હતી. મેઘરાજાની પધરામણી થતાં ખેડૂતો સહિત પંથકના લોકોમાં ખુશી જોવા મળી હતી. રેવતી નકક્ષત્રમાં પડેલ વરસાદ ખેતી માટે લાભદાયક કહેવાય તો ડાંગર તથા કપાસના મુર્જાતા પાકને જીવનદાન મલ્યુ છે. બપોર પછી મેઘરાજાએ અચાનક સ્પીડ પકડતા વાતાવરણમા ઠંડક પ્રસરી હતી.

એક ઈચ કરતાં વધારે વરસાદ પડતાં બજાર સહિત વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયું હતું. પડી રહેલ વરસાદને લઈને લોકોમાં ખુશી જોવા મળી હતી. શાળા છુટવાના સમયે જ વરસાદ પડતાં શાળાના બાળકોએ પણ વરસતા વરસાદમાં ઘરે જવાનો વારો આવ્યો હતો. બાળકોએ વરસાદનો આનંદ લીધો હતો. બજાર વિસ્તારમાં પાણી ભરાતાં નગરપાલિકાની ટીમ દ્વારા ગટરના ઢાંકણ ખોલવામાં આવ્યા હતા.



# બટાટા તારણમાં મૂકી દેના ગ્રામીણ બેન્ક સાથે ત્રણ કરોડની છેતરપીંડીના કેસમાં એકની ધરપકડ

ડીસા, તા. ૨૯

બનાસકાંઠાના ડીસામાં કોલ્ડ સ્ટોરેજના માલિકોએ દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં બટાકા તારણમાં મૂકી ત્રણ કરોડ રૂપિયાની લોન લીધા બાદ બટાટા બારોબાર વેચી મારી છેતરપીંડી આચરી હતી.જોકે આ ચકચારી કેસમાં ડીસા તાલુકા પોલીસે કોલ્ડ સ્ટોરેજના એક ભાગીદારની ધરપકડ કરી અન્ય આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કરી દીધા છે.

બટાકા નગરી તરીકે ખ્યાતિ પામેલા ડીસામાં છેલ્લા ત્રણ વર્ષથી ચાલતી બટાટાની મંદીએ અનેક ખેડૂતો અને કોલ્ડ સ્ટોરેજ સંચાલકોને પાયમાલ કર્યા છે. કોલ્ડ સ્ટોરેજ સંચાલકો બેન્કમાંથી લીધેલી લોન પણ ભરી શક્તા નથી.આવી સ્થિતિમાં ડીસા તાલુકાના યાવરપુરા ગામે આવેલ સુંધા કોલ્ડ સ્ટોરેજના ભાગીદારોએ ચાર માસ અગાઉ દેના ગુજરાત ગ્રામીણ બેંકની ડીસા શાખામાંથી ૨.૯૦ કરોડ રૂપિયાની લોન લીધી હતી. આ કોલ્ડ સ્ટોરેજના ૧૨ ભાગીદારોએ બેંકમાં ૮૭૦૦૦ બોરી બટાકા તારણમાં મૂકી પ્લેજ લોન લીધા બાદ ભાગીદારોએ તમામ બટાકા બારોબાર વેચી મારી બેન્કમાં પૈસા ના ભરી બેંક સાથે છેતરપિંડી આચરી હોવાનું ધ્યાને આવતા બેંકના બ્રાન્ચ મેનેજર દિલીપભાઈ શાહે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના અનુસંધાને પોલીસે તપાસ હાથ ધરી આ કોલ્ડ સ્ટોરેજના ભાગીદારો પૈકી ભરતજી ગણેશાજી જાટની ધરપકડ કરી અન્ય આરોપીઓને પણ ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

